"SHODH"(ScHeme Of Developing High quality research)

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક:બજ૮/૨૦૧૯/ન.બા.૬૪૭/ખ-૧

સચિવાલય,ગાંધીનગર

તા. ૦૭/૦૧/૨૦૨૧

વંચાણે લીધા:- ૧. શિક્ષણ વિભાગનો તા. ૦૫/૦૮/૨૦૧૯નો સમાનાંકી ઠરાવ

૨. કે.સી.જી. નો તા.૦૫/૧૨/૨૦૨૦નો પત્ર ક્રમાંક નં.કેસીજી/૦૨૦-૨૧/૨૧૯૫

આમુખ:-

શિક્ષણ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી માઈનોર રીસર્ચ ગ્રાન્ટ પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાત રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓને સંશોધન માટે પ્રોત્સાહન પૂરૂ પાડવા માટે પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ/સહાય આપવાની યોજના- "SHODH"(ScHeme Of Developing High quality research) શૈક્ષણિક વર્ષ-૨૦૧૯-૨૦થી અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં પાત્રતાના ધોરણો અંગેની હાલની જોગવાઈ ક્રમાંક ૪(૧)માં સુધારો કરવાનુ સરકારશ્રીની વિચારણા હેઠળ હતુ.

સુધારા ઠરાવ:-

આથી પુખ્ત વિચારણાને અંતે વંચાણ-૧ના ઠરાવના પેરા-૪(૧)માં હાલની જોગવાઈના સ્થાને નીચેના કોઠા મુજબની સુધારેલ જોગવાઈ કરવામાં આવે છે.

ક્રમ	તા.૦૫/૦૮/૨૦૨૦ના ઠરાવના પેરા(૪) (૧)ની હયાત જોગવાઈ	તા.૦૫/૦૮/૨૦૨૦ના ઠરાવના પેરા(૪) (૧)માં સુધારેલ જોગવાઈ
તા.૦૫/૦૮/૨૦૨૦ના ઠરાવનો પેરા(૪) (૧)	વિદ્યાર્થીઓએ કોઈ પણ શાખામાં **સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ** ઓછામાં ઓછા ૫૫% (ગ્રેસિંગ અને રાઉન્ડઓફ કર્યા સિવાય) મેળવેલ હોવા જોઈએ. જેમાં **એસ.સી./એસ.ટી. કેટેગરીના વિદ્યાર્થીઓને** ૫% (ગ્રેસિંગ અને રાઉન્ડઓફ કર્યા સિવાય) ની છુટછાટ મળવા પાત્ર રહેશે.	વિદ્યાર્થીઓએ કોઈ પણ શાખામાં **અનુસ્નાતક કક્ષાએ** ઓછામાં ઓછા ૫૫% (ગ્રેસિંગ અને રાઉન્ડઓફ કર્યા સિવાય) મેળવેલ હોવા જોઈએ. જેમાં **એસ.સી./એસ.ટી./ઓ.બી.સી. (નોનક્રીમિલેયર)/ડિફરન્ટલી એબલ્ડ અને અન્ય કેટેગરીના વિદ્યાર્થીઓને પણ** ૫% (ગ્રેસિંગ અને રાઉન્ડઓફ કર્યા સિવાય)ની છુટછાટ મળવા પાત્ર રહેશે.

વંચાણ-૧ના તા.૦૫/૦૮/૨૦૨૦ના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત્ રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.એસ.પરમાર)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

3045
Knowledge Consortium of Gujarat
Receipt Date: 18/01/21